# નવાગામના ગોડાઉનમાં તપાસના નામે પુરવઠાનું નાટક

**પુરવઠા** વિભાગને અડ્ડો બનાવનારા પ્રકાશ દેવરિયા હવે K-40નો મામલો રફેદફે કરવા મેદાનમાં

### રાહુલે એક સાંસદના નજીકના સંબંધીની દુકાનને પણ છોડી નહોતી

સરકારી અનાજની કાળાબજારીનો કાળો કારોબાર ચલાવી રહેલા રાહુલ નામના શખ્સે પુરવઠા વિભાગમાં મજબૂત પકડ જમાવે છે. તેને નાનપુરાની એક દુકાન કે જેના સંબંધી સાંસદ છે. તેને પણ છોડ્યા નહોતા. આ દુકાનને ફરી ચાલુ કરાવી તેનો માલ સગેવગે કરવા માટે તે મોટાપાયે દોડધામ કરી રહ્યો છે. આગામી દિવસોમાં આ દુકાનના પરવાનેદારની વિગતો પણ બહાર આવશે.

### રાહુલ સહિતના રેશનિંગ માફિયાઓએ મૂળ પરવાનેદારોને દુકાનમાં બેસાડી દીધા

રેશનિંગની સસ્તા અનાજની દુકાનો ખરીદી લેનારા માફિયાઓના પગ નીચે રેલો પહોંચવાની તૈયારી છે. રેશનિંગ માફિયાઓએ પચાસ લાખ રૂપિયામાં અનાજની દુકાનો ખરીદી લીધી હતી. પુરવઠા વિભાગના પેપર ઉપર નામ પૂરતું પરવાનેદારનું નામ ચાલે છે. તે સિવાય બાકીનો સમસ્ત વહિવટ માફિયા લોબી ચલાવતી હતી. આ અંગે સ્ફોટક અહેવાલ પ્રકાશિત થતાં રેશનિંગ માફિયાઓ સંતાઈ ગયા છે. તેમને દુકાનના મૂળ પરવાનેદારને તેમની દુકાનમાં બેસાડી દીધા છે, જેથી પુરવઠા વિભાગની કોઈ ટીમ તપાસ માટે આવે તો દેખીતી રીતે મૂળ પરવાનેદાર હાજર મળી આવે.

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં રેશનિંગ માફિયાઓની સિન્ડિકેટ કારણે ગરીબોના હક્કનું અનાજ કાળાબજારમાં નીકળતું હોવાની ફરિયાદ બાદ આજે પુરવઠા વિભાગે નવાગામ ગોડાઉનમાં તપાસના નામે નાટક શરૂ કરી દીધા છે.

સુરત શહેર અને જિલ્લાના પુરવઠા વિભાગમાં ઉધઈની જેમ ચોંટી ગયેલા નાકજી રબારી, રાહુલ ખટિક તેમજ કૈલાશ પોટલા સહિત પુણા વિસ્તારનો પ્રકાશ બટકો સહિતની સિન્ડિકેટને લઈને વરસોવરસથી ગરીબોનું અનાજ ચાઉં થઈ જાય છે. પુરવઠા વિભાગના કેટલાંક ભ્રષ્ટાચારીયા લોકો અને સ્થાનિક ઝોનલ કચેરી સહિત ગોડાઉન કોન્ટ્રાક્ટરના છૂપા આશિર્વાદને કારણે આ રેશનિંગ માફિયાઓ બેફામ બન્યા છે. તાજેતરમાં કતારગામની કે-40 નામની રેશનિંગની દુકાનમાંથી ગેરરીતિ બહાર આવ્યા બાદ મામલો છેક ગોડાઉન સુધી પહોંચ્યો હતો. આ કૌભાંડમાં સુરત જિલ્લા પુરવઠા વિભાગે તાત્કાલિક અસરથી તપાસ શરૂ કરી દીધી છે. પુરવઠા વિભાગે આજે સવારથી બે નાયબ મામલતદારની ટીમને નવાગામ ગોડાઉનમાં ઉતારી સ્ટોકની ગણતરી શરૂ કરાવી છે. પુરવઠા વિભાગના અંતરંગ સૂત્રોએ જણાવ્યું હતું કે નવાગામ ગોડાઉનમાં તપાસના નામે મીડિયાનું ધ્યાન ભટકાવવા કારસો રચાયો છે. કેમ કે નવાગામ ગોડાઉનમાંથી નિયમિત સરકારી અનાજના ટેમ્પો બારોબાર નીકળી જાય છે. પુરવઠા વિભાગે આ માટે સટીક વ્યવસ્થા ગોઠવી છે. જીપીએસ સિસ્ટમ સેટ કરી અનાજ ભરેલા ટેમ્પોનું લોકેશન લાઈવ ટ્રેક કરી શકાઈ છે.

પરંતુ ગોડાઉનમાં અનાજ ભરાઈ જાય અને ટેમ્પો નીકળવાની તૈયારી હોય તે સમયે આ સમસ્ત સિસ્ટમ ફ્લોપ થઈ જાય છે. બીજી તરફ આજે જિલ્લા પુરવઠા વિભાગમાં અનાજ માફિયાઓની સિન્ડિકેટના એક નવો ચહેરો સામે આવ્યો છે. આ ચહેરો સુરત જિલ્લા કલેક્ટર કચેરીની લોબીમાં તેમજ પુરવઠા વિભાગમાં સતત જોવા મળે છે. પુણા વિસ્તારનો પ્રકાશ બટકો નામનો આ વ્યક્તિ પુણા સહિત અનેક વિસ્તારની રેશનિંગની દુકાનોનો બેનંબરનો વહિવટ સંભાળે છે. તેને કલેક્ટર કચેરીમાં ઉચ્ચાધિકારીઓના ઘર સુધી ઘરોબો કેળવી લીધા છે. કલેક્ટર કચેરીના ઉચ્ચાધિકારીઓના રીલેશનને એનકેશ કરવામાં પણ તે માહિર છે. ઉચ્ચાધિકારીઓનાં નામો વટાવી તે હાલ કતારગામની કે-40 નામની દુકાનની મેટર સૂલટાવવાની પણ ડંફાસો મારી રહ્યો છે. કહેવાય છે કે તેને આ દુકાનની મેટર પૂરી કરી તેનો ચાર્જ બાજુની કે-39 નામની દુકાનમાં અપાવવા માટે 25 લાખની સોપારી લીધી છે. આગામી દિવસોમાં આ મામલે વધુ સ્ફોટક વિગતો બહાર આવશે.

રાજકોટમાં ઇતિહાસનું સૌથી મોટું ડિમોલિશન

# રાજકોટમાં 1498 ગેરકાયદે બાંધકામોનું ડિમોલિશન શરૂ

**ગેરકાયદે** બાંધકામ ધરાવતો જંગલેશ્વર ગુનેગારોનો અડ્ડો બની ગયો હતોઃ હર્ષ સંઘવી

ગાંધીનગરઃ રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં આજથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઈતિહાસનું સૌથી મોટું મેગા ડિમોલિશન ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. ત્રણ દિવસ સુધી ચાલનારી આ કાર્યવાહીમાં કુલ 1498 ગેરકાયદે બાંધકામો તોડવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કડક શબ્દોમાં કહ્યું હતું કે, “જંગલેશ્વર ગુનેગારોનો અડ્ડો બની ગયો હતો.” ડે સીએમ સંઘવીએ જણાવ્યું હતું કે વિસ્તારમાં મોટા પ્રમાણમાં કબ્જા કરીને પ્લોટ ભાડે આપવામાં આવતા હતા અને મોટાભાગના લોકો ભાડેથી રહેતા હતા.

બહારથી નાના દેખાતા મકાનો અંદરથી આલીશાન હતા. ટૂંકા ગાળામાં જંગલેશ્વરમાંથી ખૂનના 8 આરોપી, મારામારીના 68 આરોપી અને બળાત્કાર-અપહરણના 19 આરોપી ઝડપાયા છે. ઉપરાંત ગેરકાયદે મંડળીના 80થી વધુ આરોપીઓ પકડાયા છે.

પોલીસે 472 કિલો ગાંજો જપ્ત કર્યો છે અને ડ્રગ્સ કેસમાં 8 આરોપીઓને ઝડપી પાડ્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, “જે કોઈએ ગેરકાયદે કબજો કર્યો હશે તે દૂર કરવામાં આવશે.” ફેઝ-1ની કાર્યવાહી આવતીકાલ સાંજ સુધી પૂર્ણ કરવાની યોજના છે. ત્યારબાદ વિસ્તારમાં મૂળભૂત સુવિધાઓ ઊભી કરવા માટે કામગીરી હાથ ધરાશે. મેગા ઓપરેશનને સુવ્યવસ્થિત બનાવવા સમગ્ર વિસ્તારને 7 ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. દરેક ઝોનમાં IAS અને IPS અધિકારીઓ મોનિટરિંગ કરી રહ્યા છે.

મ્યુનિસિપલ કમિશનર કંટ્રોલ રૂમમાંથી સતત દેખરેખ રાખી રહ્યા છે, જ્યારે 25 સરકારી ડ્રોન કેમેરા દ્વારા સમગ્ર કાર્યવાહીનું લાઈવ મોનિટરિંગ થઈ રહ્યું છે. રાજકોટમાં ચાલી રહેલી આ ઐતિહાસિક કાર્યવાહી શહેરમાં ગેરકાયદે બાંધકામ અને ગુનાહિત પ્રવૃત્તિઓ સામે કડક સંદેશ તરીકે જોવામાં આવી રહી છે.

શિરડી સુધીનું ડીઝલ પણ યાત્રીઓ પાસે જ ભરાવડાવ્યું

# જગન્નાથપુરી માટે નીકળેલા યાત્રાળુઓએ શિરડીથી પરત થવું પડ્યું

**શિરડી** પહોંચ્યા બાદ ખબર પડી કે ટૂર સંચાલકે બસનું ભાડું જ ચૂકવ્યું નહીં

**ચીટર** દર્પણ પંડ્યાએ 90 શ્રદ્ધાળુ પાસે 3,15,500 પડાવી લીધા



કામરેજઃ કામરેજ તાલુકાના ખોલવડ ગામે આવેલી રામકૃષ્ણ સોસાયટી સી-42માં રહેતા કિરીટભારતી ભાનુભારતી ગૌસ્વામી શ્રીમદ ભાગવત કથા કરે છે. આશરે ચાર માસ અગાઉ પોરબંદરના મોચા ગામે હનુમાન મંદિરે તેમની મુલાકાત ગાંધીનગરના કલોલ ખાતે રહેતા દર્પણ સુધીર પંડ્યા સાથે થઈ હતી. દર્પણ પંડ્યાએ પોતાની ઓળખ અમદાવાદના ગીતામંદિર પાસે ‘હબટાઉન નોર્થ સ્ટાર’માં ઓફિસ ધરાવતા અને અલગ-અલગ રાજ્યોમાં કથાનું આયોજન કરતા ‘દર્પણ ટૂરિંગ સર્વિસ’ના માલિક તરીકે આપી હતી. ત્યારબાદ તેણે કિરીટભાઈનો સંપર્ક કરી ઓરિસ્સાના જગન્નાથપુરીમાં આગામી તા.22-2-26થી 28-2-26 દરમિયાન કથાનું આયોજન કરવાનું નક્કી કર્યું હતું. આ માટે પેમ્પલેટ છપાવી સુરત અને અમદાવાદથી ટ્રેન દ્વારા જગન્નાથપુરી જવા માટે વ્યક્તિ દીઠ 3,500 (રહેવા-જમવાના ખર્ચ સાથે)ની માહિતી પ્રસિદ્ધ કરવામાં આવતાં 90થી વધુ યાત્રાળુઓ તૈયાર થયા હતા.

યાત્રાળુઓ પાસેથી ઉઘરાવેલા કુલ 3,15,500 દર્પણ પંડ્યાને ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને બાકીના લોકોએ રોકડ રકમ ચૂકવી હતી. જો કે, રેલવેમાં ટિકિટ બુકિંગ ન થતાં છેલ્લી ઘડીએ બસ દ્વારા જવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને કથા પૂર્ણ થયા બાદ ગંગાસાગર તથા કોલકાતા ગંગાસાગરના પ્રવાસ માટે વ્યક્તિ દીઠ વધારાના 2,500 લેવાનું નક્કી કરાયું હતું. આ આયોજન મુજબ ત્રણ દિવસ અગાઉ રાત્રિના સમયે કામરેજના નવાગામ ખાતેથી ચાર બસો રવાના થઈ હતી. માર્ગમાં બસોમાં ડીઝલ ભરાવવા માટે પંપ પર ઊભી રખાઈ ત્યારે દર્પણ પંડ્યાને ફોન કરતાં તેણે ‘ઓનલાઈન સર્વર ડાઉન છે’ તેવું બહાનું કાઢીને યાત્રાળુઓ પાસેથી જ ડીઝલ પેટે 1,05,000 ખર્ચ કરાવ્યા હતા. બસો જ્યારે મહારાષ્ટ્રના શિરડી પહોંચી ત્યારે જાણવા મળ્યું કે અમદાવાદથી આવતી બસનું પેમેન્ટ પણ દર્પણ પંડ્યાએ ચૂકવ્યું નથી, જેના કારણે આગળ જવું શક્ય નહોતું. કિરીટભાઈએ યાત્રાળુઓને જગન્નાથપુરી જવાનું રદ કરી સુરત પરત આવવા જણાવ્યું હતું. આથી છેતરાયા હોવાની જાણ થતાં તમામ યાત્રાળુઓ ભેગા થઈને કામરેજ પોલીસ મથકે પહોંચ્યા હતા. પોલીસે આ મામલે દર્પણ પંડ્યા સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજગરીમાં ફોરેસ્ટ ટીમ પર હુમલાના કેસમાં 3ને સજા

**ઝીંગા** તળાવવાળા એક આરોપીને પાંચ અને અન્ય બેને ત્રણ વર્ષની સજા

**આવી** ઘટના બને તો કર્મચારીઓ પોતાની ફરજ નિર્ભય રીતે બજાવી શકે નહીં : કોર્ટ

સુરતઃ સને ૨૦૧૮માં હજીરા રાજગરી ગામ દરિયાકિનારે ગેરકાયદે ઝીંગા તળાવની તપાસ માટે ગયેલી ફોરેસ્ટ વિભાગની ટીમ પર થયેલા હુમલાના કેસમાં આરોપીઓને સેશન્સ કોર્ટે સજા ફટકારી છે.

રાજગરીમાં સરકારી જમીનમાં ઝીંગા તળાવ બનતા હોવાની અરજી મળતા વન વિભાગની ટીમ તપાસ માટે ૨૯-૩-૧૮ના રોજ ગઈ હતી. જ્યાં સરકારી માણસોને જોઈને ટ્રેક્ટરો મુકીને લોકો ભાગી ગયા હતા. જે કબ્જે લઈ કાર્યવાહી કરવામાં આવતાં આરોપી અર્જુનભાઈ પ્રેમાભાઈ પટેલ, ચંદ્રકાન્ત પ્રેમાભાઈ પટેલ, સંજયભાઈ ઉર્ફે સતિષ મણીલાલભાઈ પટેલે આવી આ લોકોને મારોની બુમો પાડી હુમલો કર્યો હતો. આ કેસમાં સેશન્સ કોર્ટે આરોપી ચંદ્રકાન્ત પ્રેમાભાઈ પટેલને પાંચ વર્ષની, અર્જુનભાઈ પ્રેમાભાઈ પટેલને ત્રણ વર્ષની તથા સંજયભાઈ ઉર્ફે સતિષ મણીલાલભાઈ પટેલને ત્રણ વર્ષની સજા ફટકારી છે. કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે કર્મચારીઓ પોતાની કાયદેસરની ફરજ ઉપર હાજર હતા અને કાર્યવાહી કરી રહ્યા હતા, ત્યારે તેઓની ફરજમાં રૂકાવટ ઉભી કરી તેઓ ઉપર હુમલો કરી ઈજા પહોંચાડવાનું આરોપીઓનું કૃત્ય ગંભીર છે. સરકારી કર્મચારીને અડચણ ઉભી કરવામાં આવે કે તેમને ફરજ બજાવતા અટકાવવામાં આવે તો કર્મચારીઓ પોતાની ફરજ નિર્ભય રીતે બજાવી શકે નહી.

# પંચમહાલ તરફ દોડતી ખાનગી બસોનું ભાડું ડબલ

**હોળી** નજીક આવતા જ 600 રૂપિયાને બદલે ભાડું 1200 થઇ ગયું



સુરતઃ હોળી નજીક આવતા જ ગુજરાતના ગોધરા વિસ્તાર તેમજ રાજસ્થાનના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા મજૂરો મોટી સંખ્યામાં વતન જવા માટે તૈયારીઓ કરી રહ્યા છે.

દર વર્ષે જેમ જેમ તહેવાર નજીક આવે છે તેમ ટ્રેન અને રાજ્ય પરિવહનની બસોમાં ભારે ભીડ જોવા મળે છે. આ વર્ષે પણ પરિસ્થિતિ સમાન છે. રિઝર્વેશન શરૂ થતાં જ ટ્રેનની ટિકિટો ફુલ થઈ ગઈ છે. છેલ્લી ઘડીએ ટિકિટ મેળવવી લગભગ અશક્ય બની ગઈ હોવાથી લોકો ખાનગી લક્ઝરી બસોની તરફ વળી રહ્યા છે. પરિણામે ખાનગી બસ ઓપરેટરોએ ભાડામાં નોંધપાત્ર વધારો કર્યો છે.

સુરતના એક ખાનગી બસ સંચાલકના જણાવ્યા મુજબ હોળી પહેલાંના એક મહિનાથી જ બુકિંગ શરૂ થઈ જાય છે અને બેઠકો ઝડપથી ભરાઈ જાય છે. સામાન્ય દિવસોમાં જે ભાડું 600થી 800 રૂપિયા હોય છે, તે હાલ 1200થી 1500 રૂપિયા સુધી પહોંચી ગયું છે. લાંબા અંતરના રૂટ માટે તો ભાડું વધુ પણ લેવામાં આવી રહ્યું છે. માંગ વધારે અને બસોની સંખ્યા મર્યાદિત હોવાથી ભાડામાં વધારો અનિવાર્ય બન્યો હોવાનું સંચાલકોએ જણાવ્યું હતું. ઘણા મજૂરો ગ્રુપ બનાવીને સંપૂર્ણ બસ બુક કરાવી રહ્યા છે જેથી મુસાફરી સરળ બને અને બેઠકની ખાતરી મળે છે.

# અવધ એક્સપ્રેસમાંથી 13 કરોડનું ડ્રગ ઝડપાયું

**ટ્રેન** સુરતથી રવાના થઈ હતી, જનરલ કોચમાં બિનવારસી બેગમાંથી ડ્રગ્ઝના 31 પેકેટ્સ જપ્ત કરાયા

સુરતઃ પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન હેઠળના બાંદ્રા ટર્મિનસ સ્ટેશન પર ડ્રગ્સની હેરાફેરી સામે શનિવારે તંત્રને મોટી સફળતા મળી છે. રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) અને રેલવે પોલીસ (GRP) દ્વારા સંયુક્ત ઓપરેશનમાં સુરતથી રવાના થયેલી ટ્રેન નંબર ૧૯૦૩૮ અવધ એક્સપ્રેસમાંથી ૧૩.૮૩૪ કિલો નશીલો પદાર્થ મળી આવ્યો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે રૂ.૧૩,૮૩,૪૦,૦૦૦ છે.

મળતી માહિતી મુજબ ટ્રેન બાંદ્રા ટર્મિનસ પ્લેટફોર્મ નંબર 4 પર પહોંચ્યા પછી, કોચ લોકિંગ દરમિયાન જનરલ ડબ્બામાં ગાર્ડ પાસે એક બેગ મળી આવી હતી. ફરજ પરના કોન્સ્ટેબલ મુકેશ માંગવાએ સબ-ઈન્સ્પેક્ટર પ્રભાકર રાવને જાણ કરી. સબ-ઈન્સ્પેક્ટર જગદીશ પ્રસાદ જાટ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને જાણ કરવામાં આવી. RPFના નાર્કો-ડોગ ટાંગા અને GRPના ડોગ રોકીને ઘટના સ્થળે બોલાવવામાં આવ્યા હતા, જેમણે બેગમાં ડ્રગ્સની હાજરીની પુષ્ટિ કરી હતી. FSL ટીમની હાજરીમાં, સ્વતંત્ર તપાસકર્તાઓ સમક્ષ બેગ ખોલવામાં આવી હતી, જેમાં કપડામાં છુપાવાયેલા 31 પેકેટ નશીલા પદાર્થના મળી આવ્યા હતા.

દરેક પેકેટનું વ્યક્તિગત રીતે વજન કરતા, કુલ વજન 13.834 કિલોગ્રામ હતું. સમગ્ર કામગીરીનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું અને પંચનામું પણ તૈયાર કરવામાં આવ્યું હતું. સબ-ઈન્સ્પેક્ટર યોગેશ કુમાર જાનીની ફરિયાદના આધારે, GRP બાંદ્રાએ અજાણ્યા આરોપી સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. રેલવે પ્રોટેક્શન ફોર્સની સતર્કતાએ સુરતથી મુંબઈ સુધી ડ્રગ્ઝના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

# ICMAI દ્વારા જૂન-2026 CMA પરીક્ષાનો કાર્યક્રમ જાહેર

**રજિસ્ટ્રેશનની** અંતિમ તારીખ નજીક, પરિણામ જુલાઈ-ઓગસ્ટમાં જાહેર થશે

સુરતઃ કોસ્ટ એકાઉન્ટન્સી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ICMAI દ્વારા જૂન-2026માં યોજાનારી CMA ફાઉન્ડેશન, ઈન્ટરમીડિયેટ અને ફાઈનલ પરીક્ષાઓનો વિગતવાર શિડ્યુલ જાહેર કરવામાં આવ્યો છે.

ICMAI વર્ષમાં બે વખત- જૂન અને ડિસેમ્બર મહિનામાં- CMA પરીક્ષાઓનું આયોજન કરે છે. જાહેર કાર્યક્રમ અનુસાર CMA ફાઉન્ડેશનની પરીક્ષા 14 જૂનના રોજ લેવામાં આવશે. જેમાં પેપર 1 અને 2 સવારે 10થી 12 વાગ્યા દરમિયાન તેમજ પેપર 3 અને 4 બપોરે 2થી 4 વાગ્યા દરમિયાન યોજાશે. જ્યારે CMA ઈન્ટરમિડીયેટ અને ફાઈનલની પરીક્ષાઓ 11 જૂનથી શરૂ થઈ 18 જૂન સુધી ચાલશે.

ફાઈનલની પરીક્ષાઓ સવારે 10થી 1 વાગ્યા સુધી અને ઈન્ટરમિડીયેટની પરીક્ષાઓ બપોરે 2થી 5 વાગ્યા સુધી યોજાશે. રજિસ્ટ્રેશન બાબતે ઈન્ટરમિડીયેટ અને ફાઈનલ માટે 10 એપ્રિલ 2026 સુધી નિયમિત ફી સાથે નોંધણી કરી શકાશે. ત્યારબાદ 11થી 17 એપ્રિલ દરમિયાન રૂ. 500 લેટ ફી સાથે નોંધણી કરવાની તક મળશે. ફાઉન્ડેશન માટે 15 એપ્રિલ 2026 સુધી રજિસ્ટ્રેશન કરી શકાશે અને 16થી 22 એપ્રિલ દરમિયાન રૂ. 500 લેટ ફી સાથે નોંધણી કરી શકાશે.

પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ ફાઉન્ડેશનનું પરિણામ 9 જુલાઈ સુધીમાં તથા ઈન્ટરમિડીયેટ અને ફાઈનલનું પરિણામ 5 ઓગસ્ટ 2026 સુધી જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓને સમયસર રજિસ્ટ્રેશન પૂર્ણ કરી તૈયારી ગતિમાન રાખવા ઈન્સ્ટિટ્યૂટ દ્વારા સૂચના આપવામાં આવી છે.

# ગુજરાતમાં નવા મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે સંદીપ સાંગલે

**હરિત** શુક્લાના સ્થાને સંદીપ સાંગલે બન્યા નવા મુખ્ય ચૂંટણી અધિકારી

ગાંધીનગરઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણી પહેલાં, રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. ૧૯૯૯ બેચના આઈએએસ અધિકારી હરિત શુક્લાની જગ્યાએ હવે ૨૦૦૭ કેડરના આઈએએસ અધિકારી સંદીપ સાગલે રાજ્યના નવા મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિમાયા છે.

કેન્દ્રિય ચૂંટણી પંચે ગુજરાત સરકાર સાથે પરામર્શ કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૧૩-ક ની પેટા-કલમ (૧) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને સંદીપ સાગલેની નિમણૂક માટે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. તેઓ જે તારીખથી કાર્યભાર સંભાળશે, તે દિવસથી આ આદેશ અમલમાં ગણાશે. સાથે જ સંદીપ સાગલેએ ગુજરાત સરકાર હેઠળના પોતાના અન્ય તમામ હોદ્દાઓ અને જવાબદારીઓ તાત્કાલિક છોડવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, જૂન ૨૦૨૪માં પી. ભારતીની જગ્યાએ હરિત શુક્લાની મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. હવે ૨૩ ફેબ્રુઆરીએ તેમને બદલે સંદીપ સાગલેને જવાબદારી સોંપવામાં આવી છે. મૂળ મહારાષ્ટ્રના રહેવાસી સંદીપ સાગલે ૧૬ નવેમ્બર ૧૯૭૨ના જન્મેલા છે અને ૨૦૦૭ કેડરના આઈએએસ અધિકારી છે. તેમણે ગાંધીનગર, નર્મદા, ભરૂચ, બનાસકાંઠા, ખેડા, અમરેલી અને જૂનાગઢ જિલ્લાઓમાં વિવિધ વહીવટી જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી છે. વિધાનસભા સત્ર અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વચ્ચે આ બદલાવને રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. હવે નવા મુખ્ય ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં આવનારી ચૂંટણી પ્રક્રિયા આગળ વધશે.

# સુરતમાં 26 વર્ષથી ટેબ ટ્રીટમેન્ટ્સ ક્લિનિકે દર્દીઓને સંતુષ્ઠ કર્યા છે

સુરતઃ પુનામાં ૧૯૯૦થી, નાગપુરમાં ૧૯૯૯થી અને સુરતમાં ૨૦૦૦થી એક જ સરનામા પર ચાલતા ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિકે અનેક દર્દીઓને આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરી સંતુષ્ઠ અને ખુશ કરી દીધા છે.

વૃધ્ધાવસ્થા, અકસ્માત, ઈજાઓ કે પડી જવાના કારણે થતાં સંધિવાત કે રકતવિકૃતિ, વારસાગત કારણો અથવા રોગપ્રતિકારક શકિત નબળી થવાના કારણો થતાં આમવાત, ફ્રોઝન શોલ્ડર, ટેનિસ એલ્બો, કાર્ટીલેજ ડેમેજ, લીગામેન્ટ, ટેર અને ડિજનરેટિવ દર્દો જેવા કે હિપ જોઈન્ટ નેક્રોસિસ, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, એન્કલોસિંગ સ્પોન્ડીલાઈસિસ જેવા રોગોની સારવાર અહી કરવામાં આવે છે. આયુર્વેદિક પદ્ધતિથી થતી સારવારને કારણે લાંબા ગાળાના પરિણામો મળે છે.

નિયમિત અને વ્યવસ્થિત સારવાર કરીને દર્દીને તેને અપાએલી ચોકકસ મુદતમાં સંપૂર્ણ સારો કરવા ટેબ ક્લિનિક્સ મદદરૂપ થાય છે. સંપૂર્ણ સારા થયા પછી દર્દી જમીન પર પલાંઠી વાળીને બેસી શકે છે, ઉભડક બેસી શકે છે, દાદર ચડ-ઉતર કરી શકે છે. પોતાનું કામ પોતે જાતે કરી શકે છે. ટેબ ક્લિનિક્સ સપ્તાહના અન્ય દિવસોની સાથે મહિનાના બધા જ રવિવારે પણ સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી ખુલ્લુ રહે છે. જેને કારણે લોકો રવિવારના દિવસે પણ આવીનો પોતાની સારવાર કરાવી શકે છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ઘેલાણીના આપઘાતમાં...

કે પૂનમની વરાછાના એક ઉભરતા બિલ્ડર સાથેની મિત્રતા અને મહેશ-મુકેશનો આ પ્રકરણમાં વાસ્તવિક રોલ શું છે? આવતીકાલે જો પ્રિયા નિવેદન આપવા હાજર થાય, તો આ કેસમાં નવા વળાંકો આવી શકે છે.

### સુરતના વિદ્યાર્થીઓનો...

અંગે અગાઉ કોઈ તકલીફ કે ચૂક થઈ હોય તો તેને તાત્કાલિક ધ્યાને લઈને સુધારો કરવો જોઈએ. સુરતના કરદાતાઓના નાણાંથી સંચાલિત સંસ્થા હોવાથી તેનો સીધો લાભ સુરતના વિદ્યાર્થીઓને મળે તે માટે મનપા તંત્રએ યોગ્ય નિર્ણય લેવો જરૂરી છે. સીટોમાં થયેલા વધારાને અનુરૂપ સુરતના વિદ્યાર્થીઓનો હિસ્સો જાળવવો શહેરના હિતમાં છે. - ડો. હિરલ બી શાહ, સેક્રેટરી, સુરત મેડિકલ કન્સલટન્ટ એસોસિએશન

### 100માંથી 70...

કરદાતાઓને મળવો જ જોઈએ. તે સમયે મનપા કમિશનરનો પણ આ મુદ્દે સપોર્ટ મળ્યો હતો. અગાઉ 100માંથી 70 સીટ આપવામાં આવી હતી, તો હવે કુલ 250 સીટમાંથી પણ 70 ટકા મુજબ ફાળવણી થવી જ જોઈએ. ભૂતકાળના સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે જો મનપા સીટ આપવા માંગે તો આપી શકે તેમ છે. - ડો.ધીરેન્દ્ર મહિડા

### ભરૂચ જિલ્લામાં...

ઠંડક પ્રસરી ગઈ છે. અંકલેશ્વર અને હાંસોટ વિસ્તારમાં છેલ્લા એક અઠવાડિયામાં બે વખત નોંધાયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. અચાનક બદલાયેલા વાતાવરણ અને વાદળછાયા માહોલના કારણે ઉભા પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને ઘઉં, તુવેર, કપાસ, મગ, ચણા અને અળદ જેવા પાક હાલ વિકાસના મહત્ત્વપૂર્ણ તબક્કામાં હોવાથી વરસાદી ભેજ અને ભીનાશ ઉપજ પર પ્રતિકૂળ અસર કરી શકે છે. સતત ભેજવાળા માહોલને કારણે પાકમાં ફૂગ અને જીવાતોનો પ્રકોપ વધવાની શક્યતા કૃષિ તજજ્ઞોએ વ્યક્ત કરી છે. આ ઉપરાંત, કમોસમી વરસાદ અને ઠંડા પવનો કેરીના મોર પર પણ નકારાત્મક અસર પહોંચાડી શકે છે, જેના પરિણામે ઉત્પાદન ઘટવાની સંભાવના છે. કૃષિ નિષ્ણાતોએ ખેડૂતોને પાકની નિયમિત દેખરેખ રાખવા, જરૂર મુજબ જંતુનાશક દવાઓનો સંયમિત ઉપયોગ કરવા તથા ખેતરોમાં પાણી ભરાઈ ન રહે તે માટે યોગ્ય નિકાલ વ્યવસ્થા ગોઠવવા સૂચન કર્યું છે.

### આગામી 24...

જગ્યાએ હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે છાંટા પડવાની શક્યતા છે. તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં મોરબી અને જામનગર જિલ્લામાં પણ આંશિક વરસાદી પ્રવૃત્તિ જોવા મળી શકે છે.

શહેરવાર મહત્તમ તાપમાન પર નજર કરીએ તો ભૂજમાં ૩૫ સે., નલિયામાં ૩૩સે., કંડલા પોર્ટ અને કંડલા એરપોર્ટ પર ૩૪સે., અમરેલી અને રાજકોટમાં ૩૬સે., ભાવનગર અને પોરબંદરમાં ૩૪ સે., સુરેન્દ્રનગરમાં ૩૫ સે., મહુવામાં ૩૩ સે., અમદાવાદ, ડીસા અને ગાંધીનગરમાં ૩૫ સે., વલ્લભ વિદ્યાનગરમાં ૩૩ સે., વડોદરા અને સુરતમાં ૩૫ સે. તથા દમણમાં ૩૩ સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું.

ન્યૂનત્તમ તાપમાન બાબતે સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો, જ્યારે અન્ય વિસ્તારોમાં ખાસ ફેરફાર થયો નહોતો.

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ન્યૂનત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ રાજ્યના મોટાભાગના શહેરોમાં દિવસ દરમિયાન ગરમીમાં વધારો અનુભવાઈ રહ્યો છે, જ્યારે કચ્છ વિસ્તારમાં રાત્રિ અને વહેલી સવારે હળવી ઠંડીનો અહેસાસ યથાવત્ છે.

### કમિ. બદલાતાં...

વેચતા ફેરીયાઓની જમાવટ શરૂ થઈ જાય છે, જેના કારણે ભારે ટ્રાફિક જામ થાય છે અને રાહદારીઓને ચાલવામાં પણ મુશ્કેલી પડે છે. દુકાનદારો અને રહેવાસીઓનું કહેવું છે કે વારંવાર રજૂઆતો છતાં તંત્ર તરફથી કોઈ અસરકારક પગલાં લેવાતા નથી. કોટ વિસ્તારની પ્રજા ફરી એક વખત ત્રાહિમામ પોકારી ઊઠી છે અને રાજમાર્ગને દબાણમુક્ત બનાવવા તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

### કાપોદ્રાના કિશોરની...

નજીકથી બેભાન હાલતમાં મળ્યો હતો. આસપાસના લોકોએ જાણ કરતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને કિશોરને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જો કે તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તબક્કે મોતનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થવાની શક્યતા છે.

### સગીરાના મોં...

ઉપર ફેરવતો હોય અને જણાવતો હતો કે જો તું મારી સાથે વાત નહીં કરે અને જો આ અંગે કોઈને જાણ કરશે તો હું તને જાનથી મારી નાંખીશ તથા હું પણ મરી જઈશ એવી ધમકી આપતો હતો. છતાં સગીરાએ હિંમત દાખવી તેનાં માતા-પિતાને જાણ કરી હતી. જેથી તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો. પરંતુ સ્થાનિકોના જણાવ્યા મુજબ ત્યારે રાજકીય આગેવાનોના દબાણવશ થઈ મામલો થાળે પડ્યો હોય કોઈ કાર્યવાહીના અભાવે આવા વિકૃત મગજના શિક્ષકને ફાવતું મળી ગયું હતું. બાદ પણ આ શિક્ષકે તેણીનો મોબાઈલ નંબર મેળવી તેનો સંપર્ક કરી હેરાન કરવાનું ચાલુ રાખ્યું હતું. તેમજ તેનો પીછો કરી રૂબરૂમાં સંપર્ક કરવાનું ચાલુ રાખી હેરાન કરવાનું ચાલુ રાખી જાતીય સતામણી કરતો હતો. જે અંગે આખરે સગીરાએ તેનાં માતાપિતાને જાણ કરતાં આખરે તેમણે હવસખોર શિક્ષક અસ્વદ હૈદર શેખ (રહે.,વાલોડ) વિરુદ્ધ વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જો કે, હવે સ્થાનિકોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ વાલોડ પોલીસ રાજકીય દબાણોને વશ થશે કે આરોપીને પકડી જેલ હવાલે કરી સગીરાને ન્યાય અપાવશે તે જોવું રહ્યું.

# જોગવેલ નજીક ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતાં ભાઈ-બહેનનાં મોત

**માતા** સહિત બે નાની બાળકીને ઇજા

વલસાડઃ નાનાપોંઢા-કપરાડા માર્ગ ઉપર જોગવેલ નજીક ટ્રકચાલકે બાઈકને અડફેટે લેતાં બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલી મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. તેમજ એક મહિલા અને બે નાની બાળકીને ઈજા પહોંચી હતી. આ ઘટનાની જાણ થતાં સ્થાનિકો ત્યાં પહોંચી ગયા હતા. અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવા તજવીજ હાથ ધરી હતી.

ફરિયાદી અશોક શંકરભાઈ ભુજાડા (રહે.,ઓઝરડા, બારી ફળિયા)એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના ભાઈ સચિન ભુજાડા (ઉં.વ.27) એ તેમની યુનિકોન બાઈક નં.(જી.જે.15. ડી.જે.7932) લઈ બહેન વનિતા (ઉં.વ.35) ઉપરાંત ફરિયાદી અશોકભાઈની પુત્રી આરતી અને મોટી દીકરી નેન્સી અને માતા જીવલીબેન સાથે ધરમપુર હટવાડાથી ઘરે આવી રહ્યા હતા, એ સમયે કપરાડાથી નાનાપોંઢા માર્ગ ઉપર જોગવેલ સીમાડા ફળિયા નજીક ટેકરા ઊતરતા દરમિયાન ટ્રક ચાલકે ટ્રેક્ટરને ઓવરટેક દરમિયાન ભાઈની બાઈકને અડફેટે લેતાં બાઈક સવાર તમામ માર્ગ ઉપર પડ્યાં હતાં, જેમાં સચિનનું ઘટના સ્થળે અને વનિતાને નાનાપોંઢા સી.એચ.સી. લઈ જતાં તબીબે મૃત જાહેર કરી હતી. આ અકસ્માતમાં ભાઈ અને બહેનનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે માતા જીવલીબેન અને બે નાની બાળકીને ઈજા પહોંચી હતી. ઘટના અંગે પોલીસે ફરિયાદી અશોકભાઈ એસ.ભુજાડાએ ટ્રકચાલક સામે નાનાપોંઢા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. અકસ્માત સર્જનાર ટ્રક ચાલક ટ્રક નં.(કે.એ.63.9963) જોગવેલ ત્રણ રસ્તા નજીક મૂકી ભાગી છૂટ્યો હતો.

### ડભારી બીચ ખાતે AM/NS ઈન્ડિયા 100 હેક્ટરમાં 2.5 લાખ રોપા વાવશે

સુરતઃ આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AM/NS India)એ સુરત જિલ્લાના ડભારી બીચ ખાતે મેન્ગ્રોવ વાવેતર અભિયાનનો પ્રારંભ કર્યો છે. ગુજરાતના દરિયાકાંઠે ગ્રીન કવર વધારવા અને પર્યાવરણીય સ્થિરતા જાળવવા માટે AM/NS ઈન્ડિયાએ પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ વાવેતર અભિયાનનો મુખ્ય હેતુ દરિયાકાંઠે ગ્રીન કવર વધારવાનો, જૈવ વિવિધતાને પ્રોત્સાહન આપવું અને હવામાન પરિવર્તનના પ્રભાવોને ઘટાડવો છે. આ પહેલને આગળ વધારતાં, 100 હેક્ટર દરિયાકાંઠા વિસ્તારમાં 2.5 લાખ મેન્ગ્રોવના રોપાની વાવણી કરવામાં આવશે, જે લાંબા ગાળાના પર્યાવરણીય સંરક્ષણ અને તેના પુનઃસ્થાપન માટે યોગદાન આપશે. હાલ પ્રોજેક્ટ નર્સરી વિકાસના તબક્કામાં છે, જેથી મોટાપાયે વાવેતર માટે સ્વસ્થ અને મજબૂત રોપા ઉપલબ્ધ થઈ શકે છે. આ પહેલ કંપનીના અગાઉના કાંઠાનું પુનઃસ્થાપન કાર્યનો વિસ્તૃત ભાગ છે. અગાઉ AM/NS India દ્વારા ભરૂચ જિલ્લાના જંબુસર વિસ્તારમાં 900 હેક્ટર વિસ્તારમાં 23 લાખ મેન્ગ્રોવનું સફળ વાવેતર કરવામાં આવ્યું હતું.